| | |
|---|---|
| Date of Registration | 20.03.2024 |
| Date of Decision | 27.04.2026 |
| Duration | 2Y 1M 7D |

# IN THE COURT OF ADDITIONAL SESSIONS JUDGE & SPECIAL JUDGE (POCSO), PANCHMAHALS AT HALOL

## SPECIAL POCSO CASE NO. 10 OF 2024

[FIR bearing C.R.No.11207077230177/2023 Registered with Damavav Police Station, dated 18.04.2023, for the offences punishable u/s. 363, 366, 376(2)(n), 376(3) of the Indian Penal Code (**"I.P.C."**) and u/s. 4, 6, 12 of the Protection of Children from Sexual Offences Act, 2012]

| | | |
|---|---|---|
| **STATE OF GUJARAT**<br>Represented by: Ld. Addl. Public Prosecutor Ms. L. R. Sheth. | ) | **COMPLAINANT** |

***VERSUS***

| | | |
|---|---|---|
| **MAHESHBHAI RAJESHBHAI NAYAK**<br>Age : 21 Years,<br>Resident of Old Baria Dungar Faliyu,<br>Ta.Devgadhbaria, Dist.Dahod. | ) | **ACCUSED** |

**Appearances :-**
**Ms. L. R. Sheth**, learned APP for the State.
**Mr. V. N. Jadav,** learned Advocate for the Accused.

## JUDGMENT

**(DATE: 27.4.2026)**

## Form B

| | |
|---|---|
| **Date of Offence** | 06.03.2023 |
| **Date of FIR** | 18.04.2023 |
| **Date of Charge-Sheet** | 20.03.2024 |
| **Date of Framing of Charge** | 30.04.2024 |
| **Date of Commencement of Evidence** | 09.10.2024 |
| **Date on which Judgment is Reserved** | 24.04.2026 |
| **Date of the Judgment** | 27.04.2026 |
| **Date of the Sentencing Order, if any** | - |

## Accused Details

| Sr. No. | Accused | Date of Arrest | Date of Release on Bail | Offence Charged | Whether Acquitted or Convicted | Sentence Imposed | Period of Detention Undergone |
|---|---|---|---|---|---|---|---|
| 1 | MAHESH BHAI RAJESH BHAI NAYAK | 23.12.23 | 01.02.24 | Sec. 363, 366, 376(2)(n), 376(3) of the I.P.C. and u/s. 4, 6, 12 of the POCSO Act. | Acquitted | - | 1 Month 9 Days |

## Form C

## (List of Witnesses)

## Prosecution Witness

| PW | Name | Nature of Evidence |
|---|---|---|
| 1 | Victim Girl (Exh.10) | Witness |
| 2 | Father of the victim (Exh.15) | Witness (Complainant) |
| 3 | Mother of the victim (Exh.17) | Witness |
| 4 | Mohanbhai Nanjibhai Garasiya (Exh.19) | Principal, Vavkulli Primary School, Ta.Ghoghamba Dist.Panchmahal |
| 5 | Dr.Shveta Ashokbhai Halpati (Exh.25) | Medical Officer, C.H.C., Simaliya, Ta.Ghoghamba Dist.Panchmahal |
| 6 | Dr.Nidhi Kirankumar Patel (Exh.36) | Medical Officer, Referral Hospital, Ta.Ghoghamba Dist.Panchmahal |
| 7 | Ankit Jayprakash Bhatt (Exh.43) | FSL Officer, Vadodara |
| 8 | Ronak Maheshkumar Mahera (Exh.46) | Food Safety Officer, Godhra |
| 9 | Pravinkumar Motilal Judal (Exh.54) | Police Inspector, AHTU Unit, Godhra |

1. **Defence Witness**

| PW | Name | Nature of Evidence |
|---|---|---|
| - | - | - |

**(List of Exhibits)**

**Prosecution Exhibits**

| SR | Exh. | Description |
|---|---|---|
| **1** | **11** | Consent Letter given by the victim for her medical examination |
| **2** | **12** | Statement of victim u/s.164 of the Cr.P.C. |
| **3** | **13** | Application for cancellation of warrant of the accused |
| **4** | **16** | Complaint |
| **5** | **18** | Consent Letter given by the mother of the victim for medical examination of the victim |
| **6** | **20** | Extract of General Register of the victim issued by the Principal, Vavkulli, Primary School, Ta.Ghoghamba |
| **7** | **21** | Yadi written by the Investigating Officer, Halol Circle to the Principal, Vavkulli Primary School, Ta.Ghoghamba for issuing the Bonafide Certificate of the victim |
| **8** | **22** | Copy of the School Leaving Certificate of the victim issued by the Principal, Vavkulli Primary School, Ta.Ghoghamba |
| **9** | **23** | Certificate regarding Birth and other details of the victim issued by the Principal, Vavkulli Primary School, Ta.Ghoghamba |
| **10** | **24** | Admission Form of the victim issued by the Principal, Vavkulli Primary School, Ta.Ghoghamba |
| **11** | **26** | Yadi written by the Police Inspector, AHTU Branch, Godhra to the Medical Officer Cl-2, Referral Hospital and C.H.C., Simaliya, Ta.Ghoghamba for medical examination of the victim |
| **12** | **27** | Medical Certificate of the victim issued by the |

| | | |
|---|---|---|
| | | Medical Officer Cl-2, Referral Hospital and C.H.C., Simaliya, Ta.Ghoghamba |
| **13** | **28** | Yadi written by the Medical Officer Cl-2, Referral Hospital and C.H.C., Simaliya, Ta.Ghoghamba to the Gynaecologist for medical examination of the victim |
| **14** | **29** | Referral Form of the victim issued by the Medical Officer Cl-2, Referral Hospital and C.H.C., Simaliya, Ta.Ghoghamba |
| **15** | **30** | Referral Form of the victim issued by the Medical Officer Cl-2, Referral Hospital and C.H.C. |
| **16** | **31** | Yadi written by the Medical Officer Cl-2, Referral Hospital and C.H.C., Simaliya, Ta.Ghoghamba to the Radiologist, Civil Hospital, Godhra for age determination of the victim |
| **17** | **32** | Yadi written by the Police Inspector, AHTU Branch, Godhra to the Medical Officer Cl-2, Referral Hospital and C.H.C., Simaliya, Ta.Ghoghamba for medical examination of the accused |
| **18** | **33** | Medical Certificate of the accused issued by the Medical Officer Cl-2, Referral Hospital and C.H.C., Simaliya, Ta.Ghoghamba |
| **19** | **37** | Yadi written by the Police Inspector, AHTU Branch, Godhra to the Medical Officer Cl-2, Referral Hospital and C.H.C., Simaliya, Ta.Ghoghamba for DNA examination of the victim, accused and the child of the victim |
| **20** | **38** | Identification Form for DNA Profiling of the accused |
| **21** | **39** | Identification Form for DNA Profiling of the victim |

| | | |
|---|---|---|
| **22** | **40** | Identification Form for DNA Profiling of the child of the victim |
| **23** | **41** | DNA Case Papers of the accused |
| **24** | **44** | Examination Report issued by the Regional Forensic Science Laboratory, Surat |
| **25** | **45** | Forwarding Letter of the Deputy Director, Regional Forensic Science Laboratory, Surat to the Police Inspector, Damavav Police Station |
| **26** | **47** | Panchnama of the place of the offence |
| **27** | **48** | Panchnama of the clothes of the victim |
| **28** | **49** | Panch slip |
| **29** | **50** | Panch slip |
| **30** | **51** | Panch slip |
| **31** | **52** | Birth Certificate of the child of the victim |
| **32** | **53** | Panchnama of the clothes of the accused |
| **33** | **55** | Yadi written by the Police Sub-Inspector, Damavav Police Station to PSO for registering the offence |
| **34** | **56** | Suchipatra |
| **35** | **57** | Depute Order |
| **36** | **58** | Yadi written by the Police Inspector, AHTU Branch, Godhra, to the Assistant Commissioner, the Food and Drug Department, Godhra regarding allotment of panchas |
| **37** | **59** | Yadi written by the Assistant Commissioner, the Food and Drug Department, Godhra to the Police Inspector, AHTU Branch, Godhra regarding allotment of panchas |
| **38** | **60** | Yadi written by the Police Inspector, AHTU Branch, Godhra to the Additional District & Sessions Judge & Spe. Judge (POCSO), Halol. |

| | | |
|---|---|---|
| | | for adding sections in the FIR |
| **39** | **61** | Yadi written by the Police Inspector, AHTU Branch, Godhra to the Chief Judicial Magistrate, Ghoghamba for recording statement of the victim u/s.164 of Cr.P.C. |
| **40** | **62** | Cover of statement of victim u/s.164 of the Cr.P.C. |
| **41** | **63** | Ravangi Patrak and Authority Certificate |
| **42** | **64** | Acknowledgment Letter of the FSL, Vadodara regarding receiving muddamal |
| **43** | **65** | Forwarding Letter written by the FSL Officer, Vadodara to the Police Inspector, IUCAW Unit Godhra enclosing examination report of muddamal |
| **44** | **66** | Biology Examination Report of FSL, Vadodara |
| **45** | **67** | Ravangi Patrak and Authority Certificate |
| **46** | **68** | Acknowledgment Letter of the FSL, Surat regarding receiving muddamal |

**1. Defence Exhibits**

| Sr. No. | Exh. | Description |
|---|---|---|
| -- | -- | -------------------- |

**(Material Objects)**

| **Sr. No.** | **Article No.** | **Description** |
|---|---|---|
| 1 | Mark-E | Black colour T-shirt |
| 2 | Mark-F | Black colour Jeans pant |
| 3 | Mark-G | Pink colour chaniyo |
| 4 | Mark-H | Pink colour Blouse |
| 5 | Mark-I | Black and White Colour Odhani |

## JUDGMENT

**1** An FIR bearing C.R.No.11207077230177/2023 dated 18.04.2023 came to be lodged with Damavav Police Station against the present accused for having committed offences punishable under Sections 363, 366, 376(2)(n), 376(3) of the Indian Penal Code (**"I.P.C."**) and under Sections 4, 6, 12 of the Protection of Children from Sexual Offences Act, 2012 (**"POCSO Act"**).

## Gravamen of the FIR

**2** Gravamen of the FIR is as under :

The FIR is lodged by the father of the victim on 18.04.2023. Gravamen of the FIR is that on 06.03.2023, the victim had gone to answer the nature call and thereafter she did not return. Thereafter, it was learned that the present accused had beguiled and abducted the victim, aged 14 years, 9 months and 22 days on the date of incident, with intent to physically exploit the victim. Hence the present FIR came to be lodged.

## INVESTIGATION

**3** Pursuant to the registration of the FIR, investigation was conducted by the Police. During the course of investigation, the present accused came to be arrested. The statement of the victim was recorded and her statement u/s. 164 of the Cr.P.C. was got recorded. It was revealed during the investigation that offence u/s. 376(2)(n), 376(3) of the IPC and u/s. 4, 6 of the POCSO Act were also committed. Thus, charge addition report was filed by the Investigating Officer. The victim was got examined by medical practitioner. Necessary recovery was made by the Police. Muddamal Articles were send for forensics. At

the conclusion of the investigation, since sufficient evidence was found against the accused, the Police filed charge-sheet against the accused before the Special POCSO Court.

**CHARGE-SHEET**

4 Pursuant to the filing of the charge-sheet, present Spl. POCSO Case came to be registered. Thereafter, process was issued upon the accused, pursuant to which, the accused appeared before the Court and engaged his Lawyer. Charge-Sheet papers were made available to the accused as per the provisions of Section 207 of the Criminal Procedure Code.

**CHARGE & PLEA**

5 This Court finding sufficient material to frame charge against the accused, was pleased to frame the following charge vide Exhibit-07 against the accused.

**:: તહોમતનામુ ::**

"હું હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી, એડીશ્નલ સેસન્સ જજ અને સ્પેશ્યલ જજ(પોકસો), હાલોલ આથી તમો આરોપી:-

**મહેશભાઈ રાજેશભાઈ નાયક,**
ઉ.વ.આ.૨૧,
રહે.જુના બારીઆ ડુંગર ફળીયુ,
તા.દેવગઢ બારીઆ,જિ.દાહોદ,
-નાઓ સામે નીચે લખ્યા મુજબ તહોમતનામુ ફરમાવુ છું કે,

(૧) તમો આરોપીએ તા.૬/૩/૨૦૨૩ ના રોજ ક.૨૧:૦૦ થી ૨૨:૦૦ દરમ્યાન મોજે વાવકુંડલી ગામેથી આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી, ભોગ બનનાર, ઉ.વ.આ.૧૪ વર્ષ, ૦૯ માસ ૨૨ દિવસનાની સગીર વયની હોવાનું જાણવા છતા, ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી, જારકર્મ કરવાના ઈરાદે, ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં થી અપહરણ કરી લઈ જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬ મુજબનો ગુનો આ અદાલતની હમુકતમાં કરેલ છે.

(૨) ઉપરોકત તારીખે સમય અને સ્થળે તથા તે વ્યવહારના ભાગ રૂપે તમો આરોપીએ આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી, ભોગ બનનાર,

ઉ.વ.આ.૧૪ વર્ષ ૦૯ માસ ૨૨ દિવસનાની સગીર વયની હોવાનું જાણવા છતા લઈ જઈ તેણીની મરજી વિરુધ્ધ અવાર નવાર શારીરીક સંબંધ બળાત્કાર સંભોગ કરી, તેણની તમો આરોપી થકી પ્રેગનેટ કરી, એક સંતાનને જન્મ અપાવી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ ૪,૬, ૧૨ મુજબનો ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે."

**6** To the aforesaid charge, plea of accused was recorded vide Exhibit-08. The accused pleaded not guilty and demanded to be tried.

## EVIDENCE AT THE TRIAL

**7** Pursuant thereto, the trial commenced wherein the prosecution examined the witnesses and produced the list of documentary evidence as narrated in Schedule reproduced herein above. Gist of oral evidence produced by the prosecution can be summarized as under :-

**(a) PW-1 Victim (Exh.10) :** Since the testimony of victim is of paramount importance, I deem it appropriate to reproduce her entire testimony in verbatim as under :-

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

સોગંદ આપ્યા.

આજરોજ ભોગ બનનાર કોઈ ધાક ધમકી,ડર,બીક, લોભ લાલચ કે કોઈ પણ જાતના દબાણ કે શરમ સંકોચ વગર કોર્ટમા જુબાની આપવા માટે આવેલ છે તેવી ખાતરી કર્યા બાદ ભોગ બનનાર સ્વેચ્છાએ, ની:સકોચ પણે લાલચ પ્રલોભન વગર જુબાની આપવા ઈચ્છે છે જેથી ભોગ બનનારનો પુરાવો નોધવામાં આવે છે.

સાક્ષી ૧૭ વરસની ઉમરના હોય અને તેમની સાથે સામાન્ય વાત કરતા તેઓ સક્ષમ જણાતા હોય તેમની સોગંધ પર જુબાની નોંધવામાં આવે છે.

સોગંધ આપ્યા.

હું.ધો.૮ સુધી વાવકુંડલી પ્રાથમીક શાળામાં અભ્યાસ કરેલ છે.અમો ચાર બહેન અને એક ભાઈ છે.જેમાં મારો ચોથો નંબર છે. મારી જન્મ મને ખબર નથી. મારા પિતા ખેતીકામ કરે છે.આજથી એકાદ વરસ અગાઉ મારે મારા માતા પિતા સાથે કામ બાબતે ઝઘડો થતા હું કંટાળીને રાત્રીના સમયે બધા સુઈ ગયેલ હતા ત્યારે કોઈને કહયા વગર મજુરી કામે સાવરકુંડલા બાજુ જતી રહી હતી.અને ત્યાં હું

મજુરીકામ કરતી હતી તે વખતે દે.બારીયાનો મહેશ પણ ત્યાં કામ કરતો હોય જેથી અમારા બંને વચ્ચે મિત્રતા થઈ ગઈ અને બંને કપાસની વાડીમાં મજુરી કામ કરતા હતા અને તે વખતે અમે બંને જણાએ સાવરકુંડલામા આવેલ અંબા માતાના મંદિરમા લગ્નની વિધી અમારી જાતે કરી દીધેલ હતી. અમે બંને એકબીજાની મરજીથી એક રુમમાં એકબીજા સાથે રહેતા હતા એ સમયે અમે બંને પોતાની મરજીથી એક વખત રાત્રીના સમયે શરીર સબંધ બાંધેલ હતો.અને ત્યારબાદ હું ગર્ભવતી થઈ ગઈ હતી.અને તે દરમિયાન તા.૨૧.૧૨.૨૪ ના રોજ ગોધરાથી પોલીસ આવતા મને તથા મહેશને પકડીને દામાવાવ પો.સ્ટે. લઈ આવેલ.ત્યાં અમારા માતા પિતાને પોલીસ સ્ટેશને બોલાવેલ અને તેમની હાજરીમા પુછપરછ કરતા મે પોલીસને જવાબ લખાવેલ હતો.અને તે વખતે પોલીસે મારી પાસેથી બનાવ વખતે પહેરેલ કપડા આપવાનું જણાવતા મે એક ગુલાબી કલરનો ચણીયો અને ગુલાબી કલરનો બ્લાઉઝ ,કાળા તથા ભુરા કલરની ઓઢણી રજુ કરેલ હતી.ત્યારબાદ મારી મેડીકલ તપાસ કરવાનું કહેતા તે માટે મે સંમતિ આપેલ હતી. જે સંમતિ પત્રક આ કામે નિ.૬/૭ થી રજુ છે જેમા મારી સહી છે. જેને રજુ આંક ૧૧ આપવામાં આવે છે.ત્યારબાદ હું મારા માતા પિતાના ઘરે ગઈ હતી.થોડાક દિવસ પછી પોલીસે મને ઘોઘંબા કોર્ટમાં જવાનું કહેતા હું ત્યા મારી માતા સાથે ગઈ હતી. ત્યા જજ સાહેબે મને બનાવ અંગેની હકીકત પુછતા મે તેમને બનાવ બાબતે જણાવેલ હતું.અને તેમા મારી સહી કરાવેલ હતી. મને સી.આર.પી.સી ૧૬૪ નુ નિવેદન બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખું છુ. જેને રજુ દાખલ આંક ૧૨ . હું મારા માતા પિતાના ઘરે આવી પછ મારા માતાપિતાએ તથા મહેશના માતા પિતાએ પંચ ભેગુ કરેલ અને તેમા મારા પંચ રાહે લગ્ન થઈ ગયેલ છે અને મારે સંતાનમાં એક દીકરો છે.જેનું નામ વિશાલ છે.

એવુ બનેલ નહી કે મહેશના કાકીના લગ્નમા હું ગયેલ ત્યારે તેની સાથે મારી ઓળખાણ થઈ હતી અને તેની સાથે મારે બે ત્રણ વાર મળવાનું થયેલ અને તેવી રીતે અમે પ્રેમ સબંધમાં બંધાયેલ હતા અને મહેશ મને મળવા વાવકુંડલી ગામા તળાવે આવતો અને તળાવની આજુ બાજુમાં આવેલ ઝાડીઓમા મહેશ મારી સાથે સબંધ બાંધતો હતો અને હું મહેશ સાથે ફોન પર વાત કરતી હતી ત્યારે મારા પિતાએ તેની સાથે વાત કરવાની ના પાડતા તેથી અમે બંને જણા તા.૫.૩.૨૩ ના રોજ ફોન પર વાત કર્યા મુજબ તા.૬.૩.૨૩ ના રોજ અમો જતા રહેલ હતા.

**<u>હોસ્ટાઈલ</u>**

એ વાત ખરી નથી કે તા.૨૨.૧૨.૨૩ ના રોજ પોલીસને આપેલ નિવેદનમાં જણાવેલ છે કે મહેશની કાકીના લગ્નમા હું માલુ ગામે ગયેલ તે વખતે મહેશ પણ લગ્નમા આવેલ...................................................... અને મહેશે મને એક છકડામાં બેસાડી દે.બારીયા બસ સ્ટોપથી સાવરકુંડલ લઈ ગયેલ. એ વાત ખરી નથી કે આરોપી મારો પતિ થતો હોય તેન બચાવવા ખોટી જુબાની આપુ છું.

વધુ સરતપાસ નથી.

**ઉલટ તપાસ આરોપી તર્ફે વિ.વ.શ્રી વી.એન.જાદવ**

એ વાત ખરી છે કે મને મારી જન્મ તારીખ યાદ નથી.એ વાત ખરી છે મારી મોટી બહેનના લગ્ન આજથી સાત આઠ વરસ પહેલા થયેલ છે.એ વાત ખરી

છે મારે મારી માતા સાથે કામ બાબતે બોલાચાલી થતા હું ઘર છોડીને કોઈને કહયા વગર સાવરકુંડલા જતી રહી હતી.એ વાત ખરી છે મારી ઉંમર થઈ ગયેલ હોય મે આરોપી સાથે માતાજીના મંદીરે લગ્ન કરી દીધેલ છે.અને હાલ હું આરોપી સાથે રહું છુ.એ વાત ખરી છે કે આ કામના આરોપી મને મારા ઘરેથી ભગાડી ગયેલ નથી કે મારી સાથે શારીરીક સબંઘ બાંઘેલ નથી.એ વાત ખરી છે કે કોર્ટ તથા પોલીસ સ્ટેશનમા શું બોલાવાનું તે મારી માતાએ મને શીખવાડેલ.એ વાત ખરી છે કે હાલમાં મારી ઉંમર ૧૯ વરસ છે.

ઉલટ તપાસ પુરી.
ફેર તપાસ નથી.

**(b) PW-2 Father of the Victim (Exh.15) :** Witness is the father of the victim. He deposed as under : -

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

સોગંદ આપ્યા.

હું નિરક્ષર છું પણ મને ફક્ત સહી કરતાં આવડે છે.હું મજુરીકામ કરી મારા પરિવારનું ગુજરાન ચલાવું છું.મારે ચાર દિકરીઓ અને એક દિકરો છે.જેમાં મોટી બે દિકરીઓના લગ્ન થઈ ગયેલા છે.સૌથી નાની દિકરી જે વખતે બનાવ બન્યો તે વખતે સીમલીયા હાઈસ્કુલમાં ધોરણ ૯ માં ભણતી હતી.તેણીની જન્મ તારીખ મને ખબર નથી.

આજથી બે વર્ષ અગાઉ હુ,મારી પત્ની,અને મારા બે બાળકો સાંજે જમી પરવારીને ઘરમાં સુઈ ગયા હતા તે વખતે મારી નાની દિકરી ઓસરીમાં એક ખાટલામાં સુતી હતી.અને લગભગ રાતના દસ વાગ્યે તે કુદરતી હાજતે જવા ઘરની બહાર નિકળી હતી પરંતુ લાંબો સમય થયો ત્યાં સુધી મારી નાની દિકરી ભોગબનનાર મોડે સુધી ઘરે પાછી આવી નહિ તેથી અમોએ તેણીની શોધખોળ કરી પરંતુ કોઈ પત્તો મળ્યો નહિ.

પછી અમોને જાણવા મળેલ કે મારી ભોગબનનાર દિકરીને જુના બારીયા ગામનો મહેશ ભગાડીને લઈ ગયો છે.તેથી મે મારી મોટી દિકરીના લગ્ન ટીડકી ગામે કરેલ હોય તેથી મે તેણીને તેના ઘરે જઈને તપાસ કરવાનું જણાવ્યું અને તેણે તપાસ કરી અમોને જણાવેલ કે આ મહેશ ભોગબનનાર બહેનને ભગાડીને લાવેલ છે.પરંતુ તેઓ ઘરે આવેલ નથી.તેથી અમોએ તેમના ગામના આગેવાનોને આ હકીકતની જાણ કરી તેથી તેઓ તેમના ઘરે જઈને આવ્યા અને અમોને જણાવ્યું કે મહેશ અને ભોગબનનાર દિકરી તેમના ઘરે નથી અને તેઓએ જણાવેલ કે જો તે ઘરે આવશે તો તમારી દિકરીને તેઓ તમને સોપી દેશે.અમોએ તે અંગે ઘણા દિવસો સુધી રાહ જોઈ પણ મારી દિકરી આવી નહિ તેથી મે દામાવાવ પો.સ્ટેશને જઈ ફરીયાદ આપી હતી.મને નિ. ૬/૪ થી રજુ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખું છું જેને રજુ <u>દા.આંક-૧૬</u>.

દામાવાવ પો.સ્ટેશને મારી દિકરી આવતાં પોલીસે અમોને ફોન કરતાં અમો દામાવાવ પો.સ્ટેશને ગયા હતા અને ત્યાં મારી પત્નીની હાજરીમાં મારી ભોગબનનાર દિકરીની પુછપરછ કરી હતી અને મારી દિકરીએ તે અંગેના જવાબ આપ્યા હતા.ત્યારબાદ ભોગબનનાર દિકરીની મેડીકલ તપાસ કરવાની હોવાથી અમારી સંમતિ માંગતાં અમોએ સંમતિ આપી હતી.ત્યારબાદ મારી દિકરી મારા ઘરે આવી હતી.મારી ભોગબનનાર દિકરી અમારા ઘરે આવી ત્યારે તેની પાસે જન્મેલ નાનો દિકરો હતો.ભોગબનનાર દિકરી મારી પાસે જ છે અને મારી દિકરીના લગ્ન આ કામના આરોપી સાથે જ કરાવવાના છે.

વધુ સરતપાસ નથી.

**ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી વી.એન.જાદવ**

તે વાત ખરી છે કે મારી દિકરી રાત્રીના સમયે કોની સાથે કેવી રીતે ઘરેથી જતી રહેલ તેની મને જાત માહિતી નથી.તે વાત ખરી છે કે મે મારી ફરીયાદ એક માસ અને દસ દિવસ બાદ આપેલી છે.તે વાત ખરી છે કે ફરીયાદ લખાવવા ગયા ત્યારે મારા કાકા મારી સાથે આવેલ હતા.તે વાત ખરી છે કે હું નિરક્ષર હોવાથી ફરીયાદ મારા કાકાએ લખાવેલી અને મે તેમાં માત્ર સહી કરેલી હતી.

તે વાત ખરી છે કે અમારા સમાજના રીત રીવાજ મુજબ દિકરી માસીકધર્મમાં આવે ત્યારબાદ તેના લગ્ન કરાવી દેવામાં આવે છે.તે વાત ખરી છે અમારા આદિવાસી સમાજમાં દિકરા દિકરીના નાની ઉમરમાં લગ્ન કરાવવાની પરંપરા છે.તે વાત ખરી છે કે મારા લગ્ન છવ્વીસેક વર્ષ પહેલાં ભોગબનનારની માતા સાથે થયેલા હતા.તે વાત ખરી છે કે મારા લગ્નના એક વર્ષ પછી મોટી દિકરીનો જન્મ થયેલો અને ત્યાર બાદ દરેક બાળકોના જન્મ દોઢ-દોઢ વર્ષના ગાળામાં થયેલા છે.ભોગબનનાર દિકરી મારું ચોથા નંબરનું બાળક છે.

તે વાત ખરી છે કે મારી ભોગબનનાર દિકરીની જન્મ તારીખ મને યાદ નથી તેમજ તણીની ચોક્કસ ઉમર હાલ મને યાદ નથી.તે વાત ખરી છે કે મારી ભોગબનનાર દિકરીના જન્મની નોંધણી મે જાતે કરાવેલ નથી.તે વાત ખરી છે કે મારી દિકરી મળ્યા પછી તેણીએ મને બનાવ અંગે કોઈ વાત કરેલી નથી.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

**(c) PW-3 Mother of the Victim (Exh.17) :** Witness is the mother of the victim. She deposed as under : -

**<u>સરતપાસણી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એલ.આર.શેઠ</u>**

૧. હુ નિરક્ષર છુ. મારે વસ્તારમાં ચાર છોકરીઓ અને એક છોકરો છે. મારી મોટી બે છોકરીઓના લગ્ન થઈ ગયા છે. મારી ત્રીજા નંબરની છોકરી સીમલીયા હાઈસ્કુલમાં ધોરણ નવમાં ભણતી હતી.

૨. આજથી બે વર્ષ અગાઉ અમે બધા રાતના સુઈ ગયા હતા ત્યારે આ મારી ભોગ બનનાર છોકરી ઓસરીમાં ખાટલો નાંખી સુતી હતી અને રાતના દસ વાગે તે કુદરતી હાજતે જવા માટે ઘરની બહાર નીકળી હતી. મોડે સુધી ઘરે પાછી ના આવી તેથી અમારા ઘરના બધાએ તેની શોધખોળ કરી હતી પણ તે મળી આવેલી ન હતી. પછી અમને વાતોવાતથી જાણવા મળેલ કે, મારી છોકરી જુના બારીયા ગામના મહેશ સાથે જતી રહી છે. પછી અમે મારી મોટી છોકરીના લગ્ન ટીડકી ગામે કરેલા હોવાથી તેના ધ્વારા પુછાવડાવેલ તો, તેણે જણાવેલ કે, ''મહેશ તથા ભોગ બનનાર દીકરી તેમના ઘરે નથી પરંતુ જો બંને જણા આવશે તો તેઓ આપણને આપડી ભોગ બનનાર દીકરીને સોપી દેશે.'' ત્યારબાદ અમે રાહ જોઈ પરંતુ અમારી દીકરી આવેલી નહી તેથી મારા ઘરવાળાએ ફરીયાદ દાખલ કરાવી હતી અને તે કામે પોલીસે મારો જવાબ લીધો હતો.

૩. ત્યારબાદ એક વર્ષ પછી મારી ભોગ બનનાર દીકરી મળી આવી હતી. મારી છોકરીને પોલીસ સ્ટેશને લઈ આવ્યા હતા અને પોલીસે અમોને બોલાવતા હુ અને મારા ઘરવાળા પોલીસ સ્ટેશને ગયા હતા અને ત્યાં મારી દીકરીની પુછપરછ પોલીસવાળાએ મારી હાજરીમાં કરી હતી. ત્યારબાદ પોલીસે મારી દીકરીની મેડીકલ તપાસ કરવા માટે જણાવતા મે સંમતી આપી હતી. મને **<u>નીશાની ૬/૧૨</u>**

વાળુ સંમતીપત્ર બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં મે અંગુઠો કરેલો હતો તે જ છે. જેને રજુ દાખલ **<u>આંક – ૧૮</u>** આપવામાં આવે છે.

૪. મારી ભોગ બનનાર છોકરી હાલ તેના પતિ સાથે રહે છે અને તેને એક બાળક છે અને આરોપી અને મારી ભોગ બનનાર દીકરી બંને તથા તેના બાળક સાથે ખુશીથી રહે છે. તેઓ અમારા ઘરે પ્રસંગો ઉપર અને રજાઓના દીવસે આવે – જાવે છે. સાહેદ જણાવે છે કે, આરોપી મારો જમાઈ થતો હોય તેઓ અમારી સાથે હળીમળીને રહે છે.

૫. આ કામે પોલીસે મારો જવાબ લીધેલો.

**સરતપાસ પુરી**

**<u>ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી વી.એન.જાદવ</u>**

૬. એ વાત ખરી છે કે બનાવ કેવી રીતે બનેલો તે મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે મારી દીકરી મળ્યા પછી મને બનાવની કોઈ હકીકત જણાવેલી નથી. એ વાત ખરી છે કે મારુ લગ્ન ૨૬ વર્ષ પહેલા શંકરભાઈ સાથે થયેલ હતુ અને બે – બે વર્ષના અંતરે બાળકોના જન્મ થયેલા છે. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામ સરનામુ પુછેલુ તે સીવાય બનાવ અંગેની કોઈ હકીકત મે પોલીસને જણાવેલી નથી.

ઉલટતપાસ પુરી.

ફેર તપાસ નથી.

**(d) PW-4 Mohanbhai Nanjibhai Garasiya (Exh.19) :** Witness is the Principal of Vavkulli Primay School, Ta.Ghoghamba. He deposed as under : -

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

સોગંદ આપ્યા.

1) હું વાવકુલ્લી પ્રાથમિક શાળા તા.ઘોઘંબા માં સને ૨૦૧૮ થી આચાર્ય તરીકે ફરજ બજાવું છુ.આજરોજ સમન્સ બજતાં હું શાળાનું નુ જનરલ રજીસ્ટર લઈને આવેલ છું.અમારા રજીસ્ટરના ક્રમાંક નં.૧૯૧૮ પર ભોગબનનારનું નામ છે અને તેની જન્મ તારીખ ૧૫/૦૫/૨૦૦૮ છે તેનું જન્મ સ્થળ વાવકુલ્લી,તા.ઘોઘંબા,જી.પંચમહાલ લખેલ છે તેના પિતાનું નામ નાયક શંકરભાઈ અને માતાનું નામ સવિતાબેન લખેલ છે.

2) ભોગબનનારને અમારી સ્કુલમાં ધોરણ ૧ માં પ્રવેશ આપવામાં આવેલ અને ભોગબનનારે ધોરણ આઠ સુધી અભ્યાસ કરી સ્કુલ લીવીંગ સર્ટી માંગતાં અમોએ સ્કુલ લીવીંગ સર્ટી.આપેલું.આજરોજ હું જનરલ રજીસ્ટરના ક્રમાંક નં.૧૯૧૮ ના ઉતારાની પ્રમાણીત લાવેલ છું જે નકલ રજુ કરુ છું જેને રજુ <u>દા.આંક-૨૦</u> આપવામાં આવે છે.ભોગબનનારનુ બોનાફાઈડ સર્ટી.લેવા માટે પોલીસ તરફથી યાદી આપવામાં આવેલ જે યાદી આ કામે નિ.૦૬/૨૭ થી રજુ છે જેમાં રીસીવ કરનાર તરીકે મારી સહી છે જેને રજુ <u>દા.આંક-૨૧</u> આપવામાં આવે છે.સદર યાદીના આધારે ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્રણ આપેલ જે આ કામે નિ.૦૬/૨૫ થી રજુ છે જેમાં મારી સહી તથા હોદ્દાનો સીક્કો થયેલ છે તેમજ મારા હસ્તાક્ષરમાં છે જેને રજુ <u>દા.આંક-૨૨</u> આપવામાં આવે છે.

3) હું આજરોજ શાળાના વયપત્રકનો ઉતારો લઈને આવેલ છુ જે રજુ કરું છુ જેમાં મારી સહી તથા હોદ્દાનો સીક્કો છે જેને રજુ <u>દા.આંક-૨૩</u>.ભોગબનનારને શાળામાં ધોરણ ૦૧ માં દાખલ કરતી વખતે તેણીના વાલીએ ભરેલ વાલી ફોર્મના નમુનાની નકલ હું આજરોજ

લાવેલ છું જેને રજુ દા.આંક-૨૪ આપવામાં આવે છે.પ્રવેશફોર્મનો નમુનો જોતાં ભોગબનનારનો જન્મ વાવકુલ્લી મુકામે ઘરે થયો હોય તેવું જણાઈ આવે છે.
સરતપાસ પુરી

**ઉલટતપાસ આરોપી તર્ફે વિ.વ.શ્રી વી.એન.જાદવ**

થજ્ઞતે વાત ખરી છે કે ભોગબનનારનું શાળામાં એડમીશન મારી રુબરુ કરવામાં આવેલ નથી.તે વાત ખરી છે કે ભોગબનનારને શાળામાં દાખલ કરતી વખતે જન્મનો કયો પુરાવો રજુ કરવામાં આવેલ તેની મને જાત માહિતી નથી.તે વાત ખરી છે કે હું આજરોજ શાળાના રેકર્ડના આધારે જુબાની આપું છું.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

**(e) PW-5 Dr.Shveta Ashokbhai Halpati (Exh.25) :** Witness is the Medical Officer at C.H.C., Simaliya, Ta.Ghoghamba. She deposed as under : -

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી આર.વાય.ત્રિપાઠી**

સોગંદ આપ્યા.

1) તા.૨૨/૧૨/૨૦૨૩ ના રોજ હું સી.એચ.સી.સીમલીયા ખાતે મારી ફરજ પર હાજર હતી ત્યારે વુ.પો.કો.મીનલબેન દિપકભાઈ બ.નં.૧૪૩૯ દામાવાવ પો.સ્ટે.નાઓ સી.એચ.સી.સીમલીયાની રીફર નોટ સાથે ભોગબનનાર છોકરી જેની ઉમર ૧૪ વર્ષ ૦૯ માસ ૨૨ દિવસ દર્શાવેલ હતી તેને લઈને આવેલા હતા તે રીફર નોટ આ કામે નિ.૬/૨૮ થી રજુ છે જેમાં રીસીવ કરનાર તરીકે મારી સહી છે જેને રજુ દા.આંક-૨૬.
2) મે ભોગબનનારની હિસ્ટ્રી તેણીના લખાવ્યા મુજબ મારા કેસ પેપર્સમાં અક્ષરશઃ લખી લીધી હતી.મે ભોગબનનારનો તથા તેણીની માતાનો તપાસ માટેની સંમતિનો અંગુઠો લીધેલો અને હિસ્ટ્રીની નીચે ભોગબનનાર બહેનની સહી લીધેલી.ભોગબનનારની તપાસ કરતાં તે સભાનાવસ્થામાં હતી અને સહયોગ આપતી હતી.તપાસ કરતાં અગાઉ તે સ્નાન કરીને અને કપડાં બદલાવીને આવી હતી.તેણીનો અવાજ,ચાલ, વર્તન,બી.પી. પલ્સ સામાન્ય હતા.તેણીના દાંત ૩૦ હતા.તેના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન જણાતા ન હતા.તેનું બ્લડગૃપ ઓ પોઝીટીવ હતું.તેણનો છેલ્લો માસીકધર્મ તા. ૨૦/૦૪/૨૩ ના રોજ હતો.ભોગબનનારનો યુ.પી.ટી.ટેસ્ટ પોઝીટીવ હતો.તેણીની ઉંચાઈ ૧૫૫ સેમી.અને વજન ૫૦ કિગ્રા.હતું.ઓળખના ચિન્હોમાં જમણા ખભાની બાજુ ઉપર કાળો તલ હતો અને તેના નીચે મુજબના નમુનાઓ લીધેલા હતા જેમાં લાળ, લોહી, પ્યુબીક હેર, વજાયનલ સ્વેબ અને નખ લીધેલા હતા જે શીલબંધ કરીને વુ.પો.કો.ને એફ.એસ.એલ.માં મોકલવા માટે સોપેલા હતા.
3) આ અંગેના કેસ પેપર્સ મે પોલીસને આપેલા હતા જે આ કામે નિ.૬/૧૪ થી રજુ છે જે મારા હસ્તાક્ષરમાં લખાયેલ છે અને તેમાં મારી સહી અને હોદ્દાનો સીક્કો છે જેને રજુ દા.આંક-૨૭. ભોગબનનારની ગાયનેક તપાસ કરવા માટે મે ગાયનેકોલોજીસ્ટ ઘોઘંબાને પત્ર લખ્યો હતો જે પત્ર આ કામે નિ.૬/૧૬ થી રજુ છે જેને રજુ દા.આંક-૨૮.તથા તે અંગેનો રીફર મેમો નિ.૬/૧૫ થી રજુ છે જેમાં મારી સહી અને હોદ્દાનો સીક્કો થયેલ છે જેને રજુ દા.આંક-૨૯. ભોગબનનારની ઉમર અંગે મે સીવીલ હોસ્પિટલ ગોધરાને રીફર મેમો તથા પત્ર લખ્યો હતો જે આ કામે નિ. ૬/૧૭, ૬/૧

૮ થી રજુ છે જેમાં મારી સહી અને હોદ્દાનો સીક્કો થયેલ છે જેને અનુક્રમે રજુ દા.આંક-૩૦,૩૧.

4) તે જ દિવસે આરોપી મહેશભાઈ રાજેશભાઈ નાયક નાઓની શારીરીક તપાસ કરવા માટે દામાવાવ પો.સ્ટે.ના કોન્સ્ટેબલ અભિસિંહ કેશરસિંહ બ.નં.૮૮૦ નાઓ બપોરના ૩/૩૦ વાગ્યે યાદી સાથે લઈને આવ્યા હતા જે યાદી આ કામે નિ. ૬/૨૯ થી રજુ છે જેમાં રીસીવ કરનાર તરીકે મારી સહી છે જેને રજુ દા.આંક-૩૨.

5) આરોપીની તપાસ કરતાં અગાઉ તેઓ સભાનાવસ્થામાં હતા અને સહયોગ આપતા હતા અને તપાસ કરતાં અગાઉ તેમની સંમતિ મેળવી હતી.તેઓની હિસ્ટ્રી પુછતાં તેમના લખાવ્યા મુજબની હિસ્ટ્રી લખી હતી.તેઓના ઓળખ ચિન્હો જોતાં ડાબા હાથના અંગુઠાની નીચે ‘M’ લખેલું ટેટું હતું.તેમજ જમણા હાથના કાંડાની ઉપરના ભાગમાં હૃદયનો શેપ દોરી તેમાં “M.K”. લખેલું ટેટું હતું.ઉંચાઈ ૧૬૩ સેમી,વજન ૪૨ કિ.ગ્રા.શરીરનો બાંધો,અવાજ,ચાલ, બી.પી.પલ્સ,સામાન્ય હતા.દાંત ૩૨ હતા.શારીરીક તપાસ કરતાં અગાઉ તેઓ ઘણીવાર સ્નાન કરીને અને કપડાં બદલાવીને આવ્યા હતા.બ્લડગ્રુપ બી-પોઝીટીવ હતું.સેકન્ડરી સેક્સ્યુઅલ કેરેક્ટર ડેવલપ હતું.તેમના શરીર ઉપર તથા ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન ન હતા.મે તેમના નીચે મુજબના સેમ્પલ લીધા હતા જેમાં લાળ, લોહી, પ્યુબીક હેર, સીમેન અને નખ લીધેલા હતા જે શીલબંધ કરીને પો.કો.ને એફ.એસ.એલ.માં મોકલવા માટે સોપેલા હતા.

6) મારા અભિપ્રાય મુજબ આરોપીની શારીરીક તપાસ તથા તેની હિસ્ટ્રી જોતાં આરોપી શારીરીક સંબંધ બાંધવા માટે સક્ષમ હતા.આ અંગેના કેસ પેપર્સ આ કામે નિ. ૬/૧૩ થી રજુ છે જેને રજુ દા.આંક-૩૩.

સરતપાસ પુરી

**ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી વી.એન.જાદવ**

7) તે વાત ખરી છે ભોગબનનાર અને આરોપીને પોલીસ યાદી સાથે મારી સમક્ષ લાવવામાં આવ્યા હતા.તે વાત ખરી છે કે ભોગબનનારે તેની હિસ્ટ્રીમાં આરોપી સાથે પ્રેમ સંબંધ હોવાનું જણાવેલ હતું.તે વાત ખરી છેકે ભોગબનનાર તથા આરોપીના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન કે લોહી વિર્યના ડાઘ ન હતા.તે વાત ખરી છે કે વજાયનલ સ્વેબમાં કોઈ જીવીત કે મૃત શુક્રાણુંની હાજરી મળેલ ન હતી.તે વાત ખરી છે કે ભોગબનનારના બાહય જનનાંગો વિકસીત થયેલા હતા.તે વાત ખરી છે કે આંતરીક અને બાહય અવયવો વિકસીત હોય તો વ્યકિત પુખ્ત વયની હોય તેવી દેખાવમાં લાગે.તે વાત ખરી છે કે સેમ્પલો નિયમોનુસાર લેવામાં ન આવે તો પરિણામ પર અસર થઈ શકે છે.તે વાત ખરી છે કે આરોપીનો મે કોઈ પોટેન્સી રીપોર્ટ કરાવેલ નહિ.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

**(f) PW-6 Dr.Nidhi Kirankumar Patel (Exh.36) :** Witness is the Medical Officer at Referral Hospital, Ghoghamba. She deposed as under : -

**સરતપાસ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રી એલ.આર.શેઠ**

સોગંદ આપ્યા.

**1)** હું તા.૨૩/૧૨/૨૦૨૩ ના રોજ હું રેફરલ હોસ્પિટલ,ઘોઘંબા ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર હાજર હતી ત્યારે ભોગબનનાર, તેની બાળકી તથા

આરોપીનો ડી.એન.એ.ટેસ્ટ ના સેમ્પલ લેવા માટે પો.કો.યાદી સાથ લઈને આવેલા હતા જે યાદી આ કામે નિ. ૬/૩૦ થી રજુ છે જેમાં રીસીવ કરનાર તરીકે મારી સહી છે જેને રજુ <u>દા.આંક-૩૭</u>.

2) સદર ત્રણેય વ્યકિતઓના મે લોહીના નમુના લીધેલ હતા જેમાં ભોગબનનાર તથા આરોપીના ૫ એમ.એલ ઈ.ડી.ટી.એ.વેક્યુડીમાં લોહી લીધેલ હતું તથા બાળકનું ૩ એમ.એલ ઈ.ડી.ટી.એ.વેક્યુડીમાં લોહી લીધેલ હતું જે લોહીના નમુના પેક કરીને આઈસબોક્સમાં મુકી લેબલીંગ કરી શીલ કરીને આવનાર પો.કો.ને આપેલ હતા અને આ ત્રણેય જણાના ડી.એન.એ.પ્રોફાઈલીંગ ફોર્મ ભર્યા હતા જેમાં આરોપી,ભોગબનનાર અને બાળકની વિગતો લખી હતી અને તેઓના ફોટા લગાવેલ હતા તેમજ ભોગબનનાર અને આરોપીની સહી કરાવેલ હતી અને અંગુઠાના નિશાન કરાવેલ હતા.તેમજ બાળકના ફોર્મમાં તેની માતાનું અંગુઠાનું નિશાન કરાવેલ અને દરેક ફોટાઓમાં મારી સહી છે તેમજ દરેક ફોર્મમાં નીચે મારી સહી અને હોદ્દાનો સીક્કો છે તેમજ બે સાક્ષી નરેન્દ્રસિંહ મંગળસિંહ અને પારુલબેન મહેશભાઈએ સહી કરેલ છે જે ડી.એન.એ.પ્રોફાઈલીગ ફોર્મની ઓ.સી.મે મારી પાસે રાખેલ હતી જે મે અગાઉ સરકારી વકીલશ્રીને મોકલાવેલ જે આ કામે નિ. ૩૫/૨ થી ૩૫/૪ થી રજુ છે જેને અનુક્રમે રજુ <u>દા.આંક-૩૮, ૩૯, ૪૦</u>. આ પ્રોફાઈલીંગ ફોર્મ અલગથી કવરમાં શીલ કરીને આવનાર પો.કો.ને એફ.એસ.એલ.માં મોકલવા માટે આપેલ હતા.આ ત્રણેય જણાના સેમ્પલ લીધા તે અંગેના કેસ પેપર્સ બનાવેલ જે આ કામે નિ. ૩૫/૫ થી રજુ છે જેને રજુ <u>દા.આંક-૪૧</u>.

સરતપાસ પુરી

**ઊલટતપાસ આરોપી તર્ફે વિ.વ.શ્રી વી.એન.જાદવ**

3) તે વાત ખરી છે કે સેમ્પલો નિયત પ્રક્રિયા ધ્વારા લેવામાં ન આવે તો પરિણામો ઉપર અસર થઈ શકે છે.તે વાત ખરી નથી કે ભોગબનનાર,આરોપી અને બાળકના ડી.એન.એ સેમ્પલ લેવાની કોઈ પ્રક્રિયા મે કરેલ ન હોવા છતાં ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં ખોટી જુબાની આપું છું.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

**(g) PW-7 Ankit Jayprakash Bhatt (Exh.43) :** Witness is the FSL Officer at Vadodara. He deposed as under : -

(**નોંધ** :- ફરીયાદપક્ષે વી.એ.પી.પી.શ્રી તથા આરોપીના વી.વ.શ્રીની સંમતીથી સાહેદની જુબાની વી.સી.(ઝુમ) મારફતે લેવામાં આવે છે.)

સોગંદ આપ્યા.

**<u>સરતપાસણી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એલ.આર.શેઠ</u>**

૧. દામાવાવ પો.સ્ટે.ગુ.ર.નં.૧૭૭/૨૩ ઈ.પી.કો.કલમ ૩૭૬(૨)૩, ૩૬૩, ૩૬૬ વીગેરે અન્વયે ડી.એન.એ.પરીક્ષણ અર્થે એક સીલબંધ પાર્સલ અમારી કચેરીમાં તા.૨૮/૧૨/૨૩ ના રોજ સીલબંધ હાલતમાં મળેલ. જે અમારી કચેરીના ડી.એન.એ.વિભાગના આર.એફ.એસ.એલ./ઈઈ/૨૦૨૩/ ડીએનએ/૧૦૫૨ તરીકે સ્વિકારવામાં આવેલ.

૨. સદર પાર્સલમાં કુલ ત્રણ નમુનાઓ હતા. જેમાંથી પાર્સલ – ૧ નમુનો ૧/૧ એક કસનળીમાં આશરે ૨ મી.લી. રતાશ પડતુ ભુખરુ પ્રવાહી હતુ જે મહેશભાઈ રાજેશભાઈ નાયકના બ્લડ સેમ્પલ તરીકે દર્શાવેલ હતુ. નમુનો ૧/૨ એક કસનળીમાં આશરે ૨ મી.લી. રતાશ પડતુ ભુખરુ પ્રવાહી હતુ જે ભોગ બનનારના બ્લડ સેમ્પલ

તરીકે દર્શાવેલ હતુ. નમુનો ૧/૩ એક કસનળીમાં આશરે ૨ મી.લી. રતાશ પડતુ ભુખરુ પ્ર વાહી હતુ જે ભોગ બનનાર બહેનના બાળકના બ્લડ સેમ્પલ તરીકે દર્શાવેલ હતુ.

૩. ઉપરોકત નમુનાઓને એફ.ટી.એ.પ્યુરીફીકેશન/ઓર્ગેનીક એકસ્ટ્રેકશન મેથડથી તેનો ડી.એન.એ.પરીક્ષણ કરી તેનો વિગતવાર અહેવાલ અમારા રીપોર્ટના પાના નં. ૪ ઉપર દર્શાવેલ ટેબલમાં જણાવેલ છે.

૪. નમુના માર્ક ૧/૩ ભોગ બનનાર બહેનના બાળકના બ્લડ સેમ્પલની ડી.એન.એ.પ્રોફાઈલનો એક એલીલ ભોગ બનનાર બહેનના બ્લડ નમુનો માર્ક ૧/૨ ના ડી.એન.એ.પ્રોફાઈલ સાથે મેચ થાય છે નમુના માર્ક ૧/૩ ભોગ બનનાર બહેનના બાળકના બ્લડ સેમ્પલની ડી.એન.એ.પ્રોફાઈલનો નોટ મેટર્નલ એલીલ આરોપી મહેશભાઈ રમેશભાઈ નાયકના બ્લડ નમુનો માર્ક ૧/૧ ના ડી.એન.એ.પ્રોફાઈલ સાથે મેચ થાય છે.

